## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmai l.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/કવા–૦૩/૧૭–૧૮/ 9950 તા. 23-11-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ભાનુબેન વિનોદભાઈ બોરસદીયા,
C/O, અલ્પેશભાઈ બુટાણી
શ્યામપાર્ક –૦૨ – બ્લોક નં–૫૩
બાપા સીતારામ ચોક પાસે
રાજકોટ
મો: ૯૩૭૫૦ ૦૯૫૭૦

**વિષય :–ટેમ્પરરી કનેકશન ના રીફંડ બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૬–૧૦–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૪/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે. મજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૪/કવા–૦૩/૧૭–૧૮ | કમિટી મીટીગ: તા. ૧૫–૧૧–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:-(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ભાનુબેન વિનોદભાઈ બોરસદીયા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરુધ્ધ

પક્ષકાર નં.: –(ર) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

---

## : હુકમ :

ફરીયાદ : કનેકશન ના રીફંડ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે તેઓના રદબાતલ કરાયેલ ટેમ્પરરી કનેકશન માં અગાઉ તા. ૨૬.૦૭.૨૦૧૭ ના રોજ – અગાઉ જોડાણ માટે – ભરપાઈ કરેલ ડીપોઝીટ ની રકમ રૂા. ૨,૧૧,૮૩૧ પરત મેળવવા માટે તેઓ એ પીજીવીસીએલ માં વિધીસર ની અરજી આપેલ હોવા છતા, આજ દિન સુધી તેમને ડીપોઝીટ ની રકમ પરત કરાયેલ ન હોવાથી, અરજદારેઅત્રે ના ફોરમ મા ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે, વાવડી પેટા વિભાગીય કચેરી હેઠળ આવતા– અરજદાર શ્રી ભાનુબેન વિનોદભાઈ બોરસદીયા ના એલ.ટી.એમ.ડી વીજજોડાણ ગ્રાહક નં.: ૩૪૫૧૪/૦૧૧૮૭/૮ (૯૪ કીવો) તા.૧૭–૦૭–૧૭ ના રોજ નિયમાધીન રીતે ચાર્જ ભરી અને પીડીસી કરાવેલ હતુ. જે સદર મીટર તા.૧૭–૦૮–૧૭ ના રોજ ચેકીગ શીટ નં. – ૫૯૪૭૨ થી પેપર પેક કરાયેલ હતુ. જે, મીટર લેબોરેટરી મા તા.૦૭–૧૧–૧૭ ના રોજ અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. જે અનુસંધાને – પીજીવીસીએલ ની વાવડી પેટા વિભાગીય કચેરી દ્વારા રીફંડ આપવાની દરખાસ્ત તા.૧૦–૧૧–૧૭ ના રોજ થી વિભાગીય કચેરી ને મોકલાવેલ હોય, સદર દરખાસ્ત અંગે ની જરૂરી કાર્યવાહી કરી અને નાણાકીય ફંડ ઉપલબ્ધ થયે – રીફંડ નો ચેક અરજદાર શ્રી ને આપવામા આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમ જ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે ની કાર્યવાહી મુજબ – અરજદાર શ્રી ભાનુબેન વિનોદભાઈ બોરસદીયા ની સદર પીડીસી વીજજોડાણ અંગે ની ડીપોઝીટ ની રકમ રીફંડ મેળવવા માટે ની ફરીયાદ અન્વયે – પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા ઉપરોક્ત ડિપોઝીટ રીફંડ નો ચેક તા.૨૦–૧૧–૧૭ ના રોજ ચેક નંબર: ૮૭૩૯૪૬ થી રૂ.૨,૦૧,૮૨૬/– નો ઈસ્યુ કરેલ છે. જેના સી.વી.ઓ. ન.–૨૦૮ છે. આમ, પીજીવીસીએલ દ્વારા અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ કરાયેલ છે. |

<u>મુદ્દા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ ની સબંધક કચેરી દ્વારા ઉપરોક્ત ડિપોઝીટ રીફંડ નો ચેક તા.૨૦–૧૧–૧૭ ના રોજ ચેક નંબર: ૮૭૩૯૪૬ થી રૂ.૨,૦૧,૮૨૬/– નો ઈસ્યુ કરેલ છે. જેના સી.વી.ઓ. ન.–૨૦૮ છે. આમ, પીજીવીસીએલ દ્વારા અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.